ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
રવિવારીય પૂર્તિ
રવિવાર ૧૯ જુલાઈ, ૨૦૨૬


# શિક્ષણવ્યવસ્થાનો સારઃ ગોટાળા, વિરોધ, અનિશ્ચિત ભાવિ અને યથાવત મંત્રી

**બહુશ્રુત**
**ચિરંતના ભટ્ટ**

15 મી મે સુધી બધું ઠેકાણે હતું. એ દિવસે ભારતના મુખ્ય ન્યાયાધીશે પોતાની અદાલતમાં એક કેસની સુનાવણી દરમિયાન ભાષાની મર્યાદા ઓળંગી અને દેશના કેટલાક બેરોજગાર યુવાનોને 'કોકરોચ' અને 'પરોપજીવી' ગણાવ્યા. ચોવીસ કલાક પછી બૉસ્ટનમાં પબ્લિક રિલેશન્સનો અભ્યાસ કરતા એક વિદ્યાર્થી, અભિજીત દીપકે આ શબ્દને પકડી લીધો અને તેની સામે દલીલો કરવાને બદલે તેને આમંત્રણ ગણ્યું. અઠવાડિયું પૂરું થાય ત્યાં સુધીમાં 'કોકરોચ જનતા પાર્ટી'ના બે કરોડથી વધુ ફૉલોઅર્સ થઈ ગયા હતા અને તેનું સૂત્ર જ એક આકરો કટાક્ષ હતો, જે હતુંઃ આળસુ અને બેરોજગારોનો અવાજ.

આ સમગ્ર ઘટનાને કાબૂ બહાર નીકળી ગયેલા એક મીમ તરીકે નકારી કાઢવી સહેલી છે. પરંતુ હકીકત તેનાથી લગભગ વિપરીત છેઃ આ એક એવી ધારદાર મજાક હતી, જેનો વાસ્તવિકતા સાથે સામનો થયા પછી પણ તેનો પ્રભાવ જળવાઈ રહ્યો. કારણ કે એ વ્યંગની નીચે એક નક્કર આઘાત છુપાયેલો હતો. ભારતમાં કોને મેડિકલનો અભ્યાસ કરવાની તક મળશે એ નક્કી કરતી NEET-UG 2026 પરીક્ષાની વિશ્વસનીયતા ત્રણ વર્ષમાં બીજી વખત જોખમાઈ હતી. છતાં શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાન પોતાના હોદ્દા પર યથાવત્ રહ્યા.

ઘટનાને વધુ નજીકથી જોઈએ તો હાસ્યાસ્પદ હદે નક્કર દેખાય છે. 3 મેની પરીક્ષા પછી રાજસ્થાનના સીકરમાં એક કેમિસ્ટ્રી શિક્ષકે પોતાના વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નપત્ર ઉકેલવાનું શરૂ કર્યું. ત્યારે તેમને જાણવા મળ્યું કે ફરતા થયેલા આશરે 4,100 'સંભવિત પ્રશ્નો'ના સંગ્રહમાંથી 120થી 140 પ્રશ્નો પરીક્ષાના પ્રશ્નપત્ર સાથે લગભગ શબ્દશઃ મળતા આવતા હતા. આશરે 22.7 લાખ ઉમેદવારોએ આપેલી આ પરીક્ષા નવ દિવસ પછી રદ કરવામાં આવી. CBIની તપાસમાં પેપર લીકની કેટલીક કડીઓ છેવટે લાતુરના એક કોચિંગ સેન્ટરના માલિક સુધી પહોંચી. આરોપ છે કે તેણે કેમિસ્ટ્રીનો વિભાગ મેળવવા માટે પાંચ લાખ રૂપિયા ચૂકવ્યા હતા. તેના ફોનમાંથી મળી આવેલા મેટાડેટા પરથી કથિત રીતે જાણવા મળ્યું કે લીક થયેલા પ્રશ્નોના ફોટોગ્રાફ્સ પરીક્ષા થઈ તેના દસ દિવસ પહેલાં લેવાયા હતા. હાલ 13 લોકો ન્યાયિક કસ્ટડીમાં છે. 21 જૂને અસાધારણ સુરક્ષા-વ્યવસ્થા વચ્ચે દેશભરમાં ફરી પરીક્ષા લેવામાં આવી. એ પેપરના ફોટોગ્રાફ કોણે પાડ્યા, એ કોણે ખરીદ્યું અને કોણે વેંચ્યું એ CBI કદાચ શોધી કાઢશે. પરંતુ, એક રાજકીય પ્રશ્નનો જવાબ CBI નહીં આપી શકેઃ એક જ રાષ્ટ્રીય પરીક્ષા એકથી વધુ વખત નિષ્ફળ જાય પછી શિક્ષણ મંત્રાલય સંભાળતા મંત્રી એ નિષ્ફળતાની જવાબદારી ક્યારે સ્વીકારશે?

**આપણી શિક્ષણવ્યવસ્થાની હાલત કર્તા વિનાના વાક્ય જેવી થઈ ગઈ છે, જે મુદ્દા સાથે સોનમ વાંગચુકને સીધો સંબંધ નથી એ માટે તેઓ ઉપવાસ પર છે, પરંતુ જે શિક્ષણપ્રધાને જવાબદારી સ્વીકારવી જોઈએ એ મૌન છે**

ભારતનું આ પહેલું NEET કૌભાંડ નહોતું. 2024ની પરીક્ષામાં પણ પેપરની ચોરી, સંગઠિત 'સૉલ્વર' નેટવર્ક અને પરિણામોમાં ગેરરીતિના આરોપો સામે આવ્યા હતા. 2026માં ફરી થયેલું આ છીંડું પણ એ જ મંત્રીના કાર્યકાળમાં પડ્યું, મોદી સરકારમાં ધર્મેન્દ્ર પ્રધાનના કાર્યકાળને પાંચ વર્ષ પૂરા થવા આવ્યા ત્યારે આ ગોટાળો થયો. 2014થી અત્યાર સુધીમાં ભારતે ચાર શિક્ષણપ્રધાન જોયા છેઃ સ્મૃતિ ઈરાની, પ્રકાશ જાવડેકર, રમેશ પોખરિયાલ અને ધર્મેન્દ્ર પ્રધાન. દરેકને વારસામાં લગભગ સરખી સમસ્યાઓ મળી હતીઃ અપૂરતું જાહેર રોકાણ, નીતિઓનો અસમાન અમલ, સંઘર્ષ કરતી યુનિવર્સિટીઓ અને સંગઠિત છેતરપિંડી સામે સતત વધુ અસુરક્ષિત બનતી પરીક્ષા-વ્યવસ્થા. નામ બદલાતાં રહ્યાં, પરંતુ નિષ્ફળતાઓ ટકી રહી. પ્રધાનની વિશેષતા માત્ર એટલી છે કે તેઓ આ હોદ્દા પર એટલો લાંબો સમય રહ્યા કે એક જ રાષ્ટ્રીય પરીક્ષાની વિશ્વસનીયતા તેમના કાર્યકાળમાં બે વખત જોખમાઈ.

ફોજદારી તપાસ અને રાજકીય જવાબદારી વચ્ચે તફાવત છે. તપાસ પૂછે છે કે ગુનો કોણે કર્યો. રાજકીય જવાબદારી પૂછે છે કે એ ગુનો થતો અટકાવવાની જવાબદારી કોની હતી. ભારતે NEET કૌભાંડનો જવાબ ધરપકડો, તપાસો, પુનઃપરીક્ષા અને સુરક્ષાના વિસ્તૃત નવા નિયમોથી આપ્યો છે. છતાં આમાંથી એકેય પગલું એ પ્રશ્નનો જવાબ આપતું નથી કે જે મંત્રીની દેખરેખ હેઠળ વ્યવસ્થા વારંવાર નિષ્ફળ ગઈ, એ જ મંત્રીએ એની દેખરેખ રાખવાનું ચાલુ શા માટે રાખવું જોઈએ? તપાસ નીચે તરફ આગળ વધે છે; કોચિંગ સેન્ટરના માલિકો, દલાલો અને અધિકારીઓ તરફ, પરંતુ જવાબદારી ક્યારેય સત્તાના ઉપરના સ્તર સુધી પહોંચતી નથી.

રાજકીય સમીક્ષક અને વિચારક પ્રતાપ ભાનુ મહેતાએ તાજેતરમાં પરીક્ષાને લગતા અન્ય એક કૌભાંડ વિશે લખતાં એ ટેવ તરફ આંગળી ચીંધી હતી, જે પોતાની નિષ્ફળતાઓનું વર્ણન કરવા માટે સત્તા દ્વારા વપરાતી ભાષામાં ધીમે-ધીમે પ્રવેશી ગઈ છે. પેપર લીક થાય છે, પરિણામોમાં ગોટાળો થાય છે, પરીક્ષાઓ રદ થાય છે અને વ્યવસ્થા સાથે ચેડાં થાય છે અને આ બધું હંમેશાં એવી રીતે કહેવાય છે, જેમાંથી કર્તા ચૂપચાપ ગાયબ થઈ ગયો હોય છે. તેમનું કહેવું સાફ અને આકરું છેઃ વ્યાકરણના કર્તા વિના લોકશાહી સંભવ નથી.

ચાર મંત્રી અને બાર વર્ષથી સતત ચાલી રહેલી આ નિષ્ફળતા પછી ભારતનું શિક્ષણતંત્ર પાઠ્યપુસ્તકમાં મુકવા જેવું દૃષ્ટાંત બની ગયું છે. એક જ મંત્રી હેઠળ NEETની પરીક્ષાઓની વિશ્વસનીયતા બે વખત જોખમાઈ છે. ધરપકડો થઈ, તપાસો હાથ ધરાઈ અને વધુ કડક પ્રક્રિયાઓના વચન અપાયાં; પરંતુ ન તો કોઈએ રાજીનામું આપ્યું કે ન તો વ્યવસ્થાએ જે થવા દીધું એની રાજકીય જવાબદારી સ્વીકારતું એક સાદું વાક્ય ઉચ્ચારાયું. નાણાકીય સ્થિતિમાં પણ ખાસ કશો ફેરફાર થયો નથી. આર્થિક સર્વેક્ષણ 2025-26 મુજબ, શિક્ષણ (જેમાં રમતગમત, કલા અને સંસ્કૃતિનો પણ સમાવેશ થાય છે) પર કેન્દ્ર અને રાજ્ય સરકારોનો સંયુક્ત ખર્ચ 2019-20માં GDPના 2.9 ટકા હતો, જે 2025-26ના બજેટના અંદાજ મુજબ ઘટીને 2.7 ટકા થયો છે; 2021-22થી આ આંકડો લગભગ 2.7 ટકાની આસપાસ જ રહ્યો છે. જુદી-જુદી સત્તાવાર ગણતરીઓ થોડા અલગ આંકડા આપે છે, પરંતુ એમાંથી એકેય

અનુસંધાન પાના નં. 4




### બાય ધી વે

ભારત શિક્ષણ પર કેટલો ખર્ચ કરે છે અને એણે કેટલા ખર્ચનું વચન આપ્યું છે, એ બે આંકડા વચ્ચેના અંતરમાં ક્યાંક એ 22.7 લાખ વિદ્યાર્થીઓ બેઠા છે, જેમણે એવી પરીક્ષા આપી જેના પ્રશ્નો તેમણે પેપર ખોલ્યું એ પહેલાં જ કથિત રીતે વેચાઈ ચૂક્યા હતા. દલાલોની ધરપકડ થઈ શકે છે. કોચિંગ સેન્ટરો પર દરોડા પડી શકે છે. અધિકારીઓની બદલી થઈ શકે છે. વધુ ચુસ્ત સુરક્ષા વચ્ચે ફરી પરીક્ષા લઈ શકાય છે. પરંતુ મંત્રી યથાવત્ રહે છે અને વાક્ય હંમેશની જેમ કર્તા વિનાનું રહી જાય છેઃ પેપર લીક થયું, પરીક્ષા રદ થઈ, મામલાની તપાસ થઈ. બધું કર્મણિ પ્રયોગમાં - જાણે આમાંથી કશું કોઈએ કર્યું જ ન હોય અને એટલે કોઈ ચોક્કસ વ્યક્તિએ માફી માગવાની પણ જરૂર ન હોય.

# ધર્મ આધારિત રાજકારણ!

**નો નોનસેન્સ**
**રમેશ ઓઝા**

ધર્મનું રાજકારણ અને ધર્મનો ધંધો કરનારાઓનો હિંસક, વિકૃત અને ગોબરો ચહેરો જોઈને કોઈ ગ્લાની, કોઈ શરમ અનુભવો છો ખરા? આ પ્રશ્ન એ લોકો માટે છે જે હજુ ગઈ કાલ સુધી હિંદુ ધર્મના વિજય પતાકા લહેરાવતા નાચતા હતા. ભગવાન રામની પ્રતિષ્ઠા મર્યાદા પુરુષોત્તમની છે. પુરુષોમાં ઉત્તમ એટલા માટે કે તેઓ મર્યાદામાં માનતા હતા, પણ એ જ મર્યાદા પુરુષોત્તમ રામના ચરણોમાંથી ધર્મનું રાજકારણ કરનારાઓ અને ધર્મનો ધંધો કરનારાઓ ૨૦૦ કરોડ રૂપિયા કરતાં વધુ રકમ ચોરી ગયા. ચોરી કરનારાઓ મુસલમાન નહોતા, વિધર્મી નહોતા, નાસ્તિક હિંદુઓ નહોતા, સેક્યુલરિસ્ટ હિંદુઓ નહોતા, ગાંધી અને નેહરુને માનનારા ઉદારમતવાદી હિંદુઓ નહોતા, એ લોકો હતા જે પોતાને મહાન ધાર્મિક હિંદુ તરીકે ઓળખાવતા હતા, એ લોકો હતા જેઓ પોતાને ધર્મરક્ષક તરીકે ઓળખાવતા હતા.

ત્યારે તમને એ નહોતું સમજાતું અને કોઈ સમજાવતા હતા તો તમે સાંભળવા તૈયાર નહોતા કે એ જ લોકો હતા જેણે હિંદુઓની શ્રદ્ધા સાથે રમત રમી હતી. એ લોકો હતા જેણે મર્યદા પુરુષોત્તમ રામને નામે દેશભરમાં બે દાયકાઓ સુધી કોમી રમખાણો કર્યાં હતાં જેમાં હજારો મુસલમાનો અને સેંકડો હિંદુઓ માર્યા ગયા હતા અને બીજા અનેક નિરાશ્રિત બની ગયા હતા. એ લોકો હતા જેમણે સરેરાશ હિંદુ પરિવારોમાં તિરાડો પેદા કરી. એ લોકો હતા જેમણે રામજન્મભૂમિ મંદિર બંધાવવા માટે ટ્રસ્ટની સ્થાપના કરી અને ટ્રસ્ટ ચલાવતા હતા. એ લોકો હતા જેમણે અબજો રૂપિયા મર્યાદા પુરુષોત્તમ રામના નામે ભેગા કર્યા છે અને હજુ સુધી કોઈનેય હિસાબ આપ્યો નથી. માગો તો પણ આપતા નથી. ભગવાન રામના ચરણોમાં બેસનારાઓ જ તેમના ચરણમાંથી પૈસા ચોરી ગયા.

ચડાવાચોરીનું પ્રકરણ બહાર આવ્યા પછી ધર્મનું રાજકારણ અને ધર્મનો ધંધો કરનારાઓના ચહેરા પર લાજશરમ નજરે પડે છે ખરી?

શા માટે હોય! ધર્મનું જે બીજું અને મહત્ત્વનું અંગ છે તેની સાથે તેમને નહાવાનિચોવાનો પણ સંબંધ નથી. એ અંગ છે આધ્યાત્મિક અંગ. મનુષ્ય તરીકેની એક જિંદગી મળી છે તો તેને એવી રીતે જીવવી કે જિંદગી સાર્થક થઈ જાય. આ થઈ સાધના. સાર્થકતા માટેની સાધના અને બીજું મનુષ્ય તરીકે એક જિંદગી મળી છે તો તેને એવી રીતે જીવવી કે કિરતાર સાથે એકત્વ સધાય. ઈશ્વરમય થઈ જવાય. આ છે ધર્મની આધ્યાત્મિક બાજુ. મનુષ્ય તરીકે એક જિંદગી મળી છે તો એવી રીતે જીવવી કે આપણાથી કોઈનેય અન્યાય ન થાય, આપણા થકી કોઈનેય નુકસાન ન પહોંછે, કોઈનુંય બુરું ન ઈચ્છીએ એ થઈ ધર્મની નૈતિક બાજુ. સાચા હિંદુઓ, સાચા મુસલમાનો ધર્મનું આ રીતે અવલંબન લે છે અને પછી તો એક દિવસ સ્થૂળ અર્થમાં ઓળખાતો ધર્મ પણ ખરી પડે છે. સંસારના દરેક ધર્મએ આધ્યાત્મિક, સાધ્નાકીય અને નૈતિક બાજુ વિકસાવી છે અને તેમાં હિંદુ ધર્મ અગ્રેસર છે. હિંદુ ધર્મની આધ્યાત્મિક અને સાધનાપરક બાજુ આ સંસારમાં સૌથી વધુ પરિપક્વ છે અને એટલે તો પશ્ચિમને હિંદુ ધર્મનું આકર્ષણ છે. પણ ધર્મની આ ખરી બાજુ સાથે ધર્મનું રાજકારણ કરનારાઓને અને ધર્મનો વેપાર કરનારાઓને નહાવાનિચોવાનો પણ સંબંધ નથી. તમે કોઈ હિન્દુત્વવાદીને વેદ, ઉપનિષદ, કે સંતો કે સૂફીઓના વચન ટાંકતો જોયો. એની જિંદગી વિધર્મીઓએ કરેલા કહેવાતા અત્યાચારોના ઉકરડા ફેંદવામાં જ રસ છે અને એ જ કામ તમારી પાસે કરાવે છે.

રામચરિત માનસ લખીને મર્યાદાપુરુષોત્તમ રામને ઘરે ઘરે પહોંચાડનારા ગોસ્વામી તુલસીદાસે માનસમાં રામકથાની પડછે ઊંડું આધ્યાત્મિક ખેડાણ કર્યું છે. પણ લોકોને બહુ ઓછી જાણ છે કે ગોસ્વામી તુલસીદાસે રામચરિત માનસમાં કલિયુગનાં લક્ષણો વર્ણવતી અનેક ચોપાઈઓ કહી છે. એમાંની એક જોઈએ:

सोइ सयान जो परधन हारी, जो
कर दंभ सो बड़ा आचारी I
जो कर झठ मसखरी जाना,
कलयुग सोई गुनवंत बखाना II

અર્થાત્ જે બીજાનાં ધનની ચોરી કરશે એ બુદ્ધિમાન ગણાશે, જે દંભ કરશે એ આચારવાન ગણાશે, જે બેફામ જૂઠ બોલશે અને બીજાની નિંદા મશ્કરી કરશે એ કલિયુગમાં ગુણવાન ગણાશે અને પ્રજા તેનાં વખાણ કરશે.

લાગુ પડે છે ને સો એ સો ટકા? આમ તુલસીદાસ પોતે કહી ગયા છે અને આવી તો બીજી અનેક ચોપાઈઓ અને દોહાઓ છે જે જોવા હોય તો રામચરિતમાનસના ઉત્તરકાંડમાં જોવા મળશે. નીચતા અને નફ્ફટાઈનું આબેહુબ વર્ણન તેમાં જોવા મળશે.

તો વાત એમ છે કે ધર્મનું રાજકારણ અને ધર્મનો ધંધો કરનારાઓને ધર્મની આધ્યાત્મિક અને માણસ ઘડનારી નૈતિક બાજુ સાથે નાહવાનિચોવાનો સંબંધ હોતો નથી. તેમને ખબર છે કે સમાજમાં એવા કેટલાક ધાર્મિક લોકો છે જે ધર્માભિમાન ધરાવે છે, પોતાના ધર્મને સર્વોપરી ગણાવે છે, બીજાને અને તેમના ધર્મને હલકો ગણે છે, વિધર્મીઓએ કરેલા કહેવાતા કરતૂતોનો ઉકરડો ભૂંડણાંની માફક ફેંદવામાં જીવનની સાર્થકતા જુએ છે, એ લોકો માટે ઉકરડો રચી આપવામાં આવે છે, તેઓ વિધર્મીઓ સામે વેર લેવા તત્પર છે, તેઓ ધર્મની સ્થૂળ ઓળખ અને એવી ઓળખ ધરાવનારાઓની સંખ્યાને સાધન

...અનુસંધાન પાના નં. 4 પર



**જે બીજાનાં ધનની ચોરી કરશે એ બુદ્ધિમાન ગણાશે, જે દંભ કરશે એ આચારવાન ગણાશે, જે બેફામ જૂઠ બોલશે અને બીજાની નિંદા કરશે એ કલિયુગમાં ગુણવાન ગણાશે અને પ્રજા તેનાં વખાણ કરશે**

### સિલી પોઇંટ

